પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૮ | ૨૯ માર્ચ, ૨૦૨૩, બુધવાર; ચૈત્ર સુદ - ૦૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હવે, પાન-આધાર લિંક ૩૦મી જૂન સુધી

## પાન કાર્ડ-આધાર કાર્ડ લિંક કરાવવાની મુદત વધારીને ૩૦ જૂન કરાઈ : ૩૦ જૂન સુધી ૧૦૦૦ રૂપિયા દંડ ભરીને બંનેને લિંક કરાવી શકાશે, ત્યાર પછી પાન કાર્ડ નિષ્ક્રિય થઈ જશે, પાનને ફરી એક્ટિવ કરાવવા દંડ ભરવો પડશે

નવી દિલ્હી, તા.૨૮

કેન્દ્ર સરકારે પાન કાર્ડ અને આધાર કાર્ડને લિંક કરવાની સમયમર્યાદા લંબાવી છે. નવી મળતી માહિતી મુજબ, "છદ્ર-આધાર લિંક કરવાની અંતિમ તારીખ ૩૦ જૂન, ૨૦૨૩ સુધી લંબાવવામાં આવી છે.સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (ઝમ્ઠ્ઠ) એ એક નોટિફિકેશન જારી કરીને આ જાણકારી આપી છે. મહત્વનું છે કે, આ પહેલા પાન કાર્ડ અને




આધાર કાર્ડને લિંક કરવાની છેલ્લી તારીખ ૩૧ માર્ચ ૨૦૨૩ હતી

પાન કાર્ડ અને આધાર નંબરને લિંક કરવાના મામલે દેશમાં કરોડો લોકો પરેશાન છે ત્યારે સરકારે આ માટેની મુદતમાં ત્રણ મહિનાનો વધારો કર્યો છે. હવે જેમના પાન કાર્ડ-આધાર લિંક કરવાના બાકી છે તેઓ ૩૦ જૂન સુધી ૧૦૦૦ રૂપિયા દંડ ભરીને બંનેને લિંક કરાવી શકશે. ત્યાર

● અનુસંધાન પાન-૭ પર

# એપ્રિલથી એન્ટિબાયોટિક્સ, પેઈનકિલર દવાઓ મોંઘી થશે

## શેડ્યૂલ દવાઓના ભાવમાં લગભગ ૧૦ ટકાનો વધારો થઈ શકે છે : શેડ્યુલ દવાઓ તે દવાઓ છે જેની કિંમતો નિયંત્રિત છે, નિયમો અનુસાર, સરકારની પરવાનગી વિના સૂચિત દવાઓના ભાવમાં વધારો કરી શકાતો નથી

નવી દિલ્હી, તા.૨૮

દેશમાં મોંઘવારી સતત વધી રહી છે. સામાન્ય માણસ મોંઘવારીના બોજથી પરેશાન છે. હવે એપ્રિલથી મોંઘવારીનો વધુ એક આંચકો લાગવાનો છે. ખરેખર, એપ્રિલથી આવશ્યક દવાઓના ભાવમાં વધારો થવા જઈ રહ્યો છે. આમાં પેઈનકિલર્સથી લઈને એન્ટિબાયોટિક્સનો સમાવેશ થાય છે. પહેલાથી જ મોંઘવારીથી પરેશાન સામાન્ય માણસના ખિસ્સા પરનો બોજ વધુ વધશે.



આ આવશ્યક દવાઓ વિશે વાત કરીએ તો, તેમાં પેઈનકિલર્સ, એન્ટિબાયોટિક્સ, હૃદયની દવાઓ વગેરેનો સમાવેશ થાય છે. આ તમામ દવાઓના ભાવ ૧ એપ્રિલથી વધવા જઈ રહ્યા છે. સામાન્ય માણસને મોંઘવારીનો મોટો ફટકો પડશે. વાસ્તવમાં, સરકાર ફાર્માસ્યુટિકલ કંપનીઓને વાર્ષિક જથ્થાબંધ ભાવ સૂચકાંકમાં ફેરફારને અનુરૂપ વધારો કરવાની મંજૂરી આપવા માટે તૈયાર છે. ડ્રગ પ્રાઈસ રેગ્યુલેટર નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટીએ સોમવારે જણાવ્યું હતું કે ૨૦૨૨ સુધી સરકાર દ્વારા સૂચિત ઉંમાં વાર્ષિક ફેરફારના આધારે ભાવમાં વધારો કરવામાં આવી શકે છે. મળતી માહિતી મુજબ, વધતી મોંઘવારીને જોતા ફાર્મા ઉદ્યોગ દવાઓની કિંમતમાં વધારો કરવાની માંગ

● અનુસંધાન પાન-૭ પર

### ઉમેશ પાલના ૧૭ વર્ષ જૂના અપહરણ કેસમાં કોર્ટનો ચુકાદો

# માફિયા અતિક અહેમદને આજીવન કેદ

## ૨૦૦૬ના કેસમાં અતીક સહિત ત્રણ આરોપી દોષિત, એક લાખ રૂપિયાનો દંડ, તેના ભાઈ અશરફ સહિત ૭ને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા



પ્રયાગરાજ, તા.૨૮

ઉમેશ પાલના ૧૭ વર્ષ જૂના અપહરણ કેસમાં માફિયા અતીક અહેમદને દોષિત ઠેરવવામાં આવ્યા છે. પ્રયાગરાજની સાંસદ-ધારાસભ્ય કોર્ટે માફિયાઓને આજીવન કેદની સજા ફટકારી છે. ૨૦૦૬ના કેસમાં અતીક સહિત ત્રણ આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ સાથે એક લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. તે જ સમયે, તેના ભાઈ અશરફ સહિત ૭ને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. સજા સાંભળીને અતીક અને તેનો ભાઈ રડવા લાગ્યા હતા.

અતીકની સાથે શૌકત હનીફ અને દિનેશ પાસીને ૧૭ વર્ષ જૂના કેસમાં એમપી-એમએલએ કોર્ટે દોષિત ઠેરવ્યા છે. વાસ્તવમાં બસપા ધારાસભ્ય રાજુ પાલની હત્યા કેસમાં સાક્ષી રહેલા ઉમેશ પાલનું અપહરણ કરવામાં આવ્યું હતું. તેની સાથે મારપીટ પણ થઈ હતી. ૨૦૦૬માં પોલીસમાં ફરિયાદ બાદ મામલો કોર્ટમાં ચાલી રહ્યો હતો.

# ચીન સરહદે કોઈ પણ પડકાર માટે સેના તૈયાર : આર્મી ચીફ

## ભારત સાથેના સરહદી વિવાદને લઈ ચીન ચર્ચામાં : ચીનનું એલએસીપર પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવું બંને દેશો વચ્ચે તણાવનું સૌથી મોટું કારણ હોવાનો આર્મી ચીફ જનરલનો અભિપ્રાય

પૂણે, તા.૨૮

ભારત સાથેના સરહદી




વિવાદને લઈ ચીન ચર્ચામાં રહેતું હોય છે. એવામાં ભારત અને ચીન વચ્ચે ફરી એકવાર તણાવ ઉભો થયો છે. આર્મી ચીફ જનરલ મનોજ પાંડેએ કહ્યું કે, ચીનનું એલએસીપર પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવું બંને દેશો વચ્ચે તણાવનું સૌથી મોટું કારણ છે. વધારેમાં તેમણે કહ્યું કે, અમે કોઈપણ પરિસ્થિતિમાં દેશ સાથે સામનો કરવા માટે તૈયાર છીએ.ગઈકાલે જનરલ પાંડેએ નવી દિલ્હીમાં સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી અને સેન્ટર ફોર ચાઈના એનાલિસિસ એન્ડ સ્ટ્રેટેજી દ્વારા આયોજિત બીજા વ્યૂહાત્મક સંવાદમાં ભાગ લીધો હતો. જ્યાં તેમણે ચીનના સુધારા અને વિશ્વ પર તેની અસર પર વાત કરી હતી.

તેમણે કહ્યું કે, સરહદ પર ચીને સૈનિકોની અવરજવર, તેમની તૈનાતી અને સૈન્ય ઓપરેશન સાથે સંબંધિત તમામ તૈયારીઓમાં નોંધપાત્ર વધારો કર્યો છે. તેમણે એમ પણ કહ્યું કે, એશિયાના બે સૌથી મોટા દેશોના દ્વિપક્ષીય સંબંધોમાંથી સરહદ મુદ્દાને બાકાત રાખી શકાય નહીં.

જનરલ પાંડેએ કહ્યું, "મને લાગે છે કે અમારા ઓપરેશનલ વાતાવરણ માટે સૌથી મહત્વપૂર્ણ પાસું સરહદ વિવાદો છે. અલગ-અલગ વિચારસરણી અને મંતવ્યો અને એલએસીઅંગેના દાવાઓને કારણે વિવાદો ઉભા થતા રહે છે. અતિક્રમણ હજુ પણ તણાવનું મહત્વનું પરિબળ છે. જનરલ પાંડેએ કહ્યું કે, ચીન સતત અગાઉના પ્રોટોકોલ, કરારોનું ઉલ્લંઘન કરી રહ્યું છે અને એલએસીપર અતિક્રમણ કરી રહ્યું છે જે ભારત માટે ચિંતાનો વિષય છે.

# યુએસની એક શાળામાં ગોળીબાર : સાતનાં મોત

## હુમલાખોર યુવતી બાજુના દરવાજાના પ્રવેશદ્વાર દ્વારા બિલ્ડિંગમાં પ્રવેશી, પોલીસે તેને બીજા માળે ઘેરી લઈ જવાબી કાર્યવાહીમાં તેને ઠાર કરી દીધી




વોશિંગ્ટન, તા.૨૮

અમેરિકામાં ફરી એકવાર સામૂહિક ગોળીબારની ઘટના સામે આવી છે. એક સ્કૂલમાં ગોળીઓ ચલાવવાની ઘટના બની છે. ઘટના નેશવિલ ક્રિશ્ચિયન સ્કૂલની છે. આ ગોળીબારની ઘટનામાં અત્યાર સુધી સાત લોકોના મોત થયાના સમાચાર છે.અમેરિકમાં છેલ્લા ઘણા વખતથી ગોળીબારની ઘટના બની રહી છે. આ ગોળીબારની ઘટના બંધ થવાનુ નામ નથી લઈ રહી ત્યારે વધુ એક ગોળીબારની ઘટના બની હતી જેમાં ત્રણ બાળકો સહિત સાત લોકોના મોત થયા હતા. આ ઘટનાની મળતી વિગત મુજબ હુમલાખોર યુવતી હતી. શંકાસ્પદ વ્યક્તિ બાજુના દરવાજાના પ્રવેશદ્વાર દ્વારા બિલ્ડિંગમાં પ્રવેશી હતી. પોલીસે તેને બીજા માળે ઘેરી લીધી હતી. પોલીસે જવાબી કાર્યવાહીમાં તેને ઠાર કરી દીધી હતી. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હુમલાખોરે ગઈકાલે ટેનેસીના નેશવિલેની એક સ્કૂલમાં ગોળીબાર કર્યો હતો. પોલીસ ઘટના સ્થળે પહોંચે તે પહેલા જ ઘણા લોકો ગોળીઓની ઝપેટમાં આવી ગયા હતા. ઘણા લોકો માર્યા ગયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હોવાની આશંકા છે.

# કૂનો નેશનલ પાર્કમાં આફ્રિકાથી લાવેલ માદા ચિત્તાનું બિમારીથી મોત

## કિડનીની બીમારીથી હતી પીડિત : ૨૨ માર્ચે સાશાની તબિયત ખરાબ થઈ હતી, જેને લઈને તેનું રેસ્ક્યૂ કરી ડોક્ટરની દેખરેખ હેઠળ રાખવામાં આવી હતી

ભોપાલ, તા.૨૮

કૂનો નેશનલ પાર્કમાંથી એક માઠા સમાચાર આવ્યા છે. સપ્ટેમ્બરમાં આફ્રિકાથી લાવવામાં આવેલા એક માદા ચિત્તા સાશાનું મોત થઈ ગયું છે. ૫ વર્ષની સાશનું આજે સવારે ૮.૦૦ કલાકની આસપાસ મોત થઈ ગયું છે. સાશાની કિડની ખરાબ થઈ ગઈ હતી. નિષ્ણાંતોની એક ટીમ સતત તેની દેખરેખ રાખી રહી હતી. નામીબિયાથી લાવેલા તમામ ચિત્તાને હાલમાં જ ખુલ્લા વાડામાં છોડવામાં આવ્યા હતા. પણ ૨૨ માર્ચે સાશાની તબિયત ખરાબ થઈ હતી, જેને લઈને તેનું રેસ્ક્યૂ કરી ડોક્ટરની દેખરેખ હેઠળ રાખવામાં આવી હતી. ડોક્ટર્સની એક ટીમ સતત ધ્યાન રાખી રહી હતી. પણ કિડની બીમારીથી પીડિત સાશાને બચાવી શક્યા નથી. તેમણે આજે સવારે પાર્કમાં દમ તોડી દીધો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરે સાશા સાથે બીજા ૮ ચિત્તાને પણ વાડામાં છોડ્યા હતા.

કહ્યું કે, નામીબિયાથઈ આવેલા સાશા કિડનીની બીમારીથી પીડિત હતી. તેના હાવભાવમા પણ ફેરફાર આ્યો હતો. ડોકટર્સની ભારે મહેનત છતાં તેને બચાવી શક્યા



હાલમાં જ દક્ષિણ આફ્રિકાથી ૧૨ ચિત્તાનો બીજો જથ્થો પણ આવ્યો છે, પણ પ્રથમ જથ્થામાં આવેલી સાશા લાંબો સમય સુધી જીવીત રહી શકી નહી. વાઈલ્ડ લાઈફ પીસીસીએફ જૈ એસચૌહાને નહોતા.

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં તેની પુષ્ટિ થઈ છે કે, કિડનીની બીમારીથી તેનું મોત થયું છે. સાશાના મોત બાદ હવે કૂનોમાં ચિત્તાની સંખ્યા ઘટીને ૧૯ થઈ ગઈ છે.

# હવે મનોરંજન ઉદ્યોગ પર સંકટના વાદળો

## મોટી કંપનીઓએ ૭૦૦૦ કર્મચારીઓની છટણી શરૂ કરી : વોલ્ટ ડિઝનીના સીઈઓએ કહ્યું કે કર્મચારીઓના પ્રથમ જૂથને છૂટા કરવામાં આવે તે પહેલાં તે કર્મચારીઓને જાણ કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૮

વોલ્ટ ડિઝની કંપનીએ ૭૦૦૦ કર્મચારીઓની છટણી શરૂ કરી દીધી છે. આ વર્ષની શરૂઆતમાં, કંપનીએ આ કર્મચારીઓની છટણીની જાહેરાત કરી હતી. રોયટર્સે બોબ ઈગરના પત્રને ટાંકીને આ અંગે માહિતી આપી હતી. કંપનીએ ખર્ચને નિયંત્રિત કરવા અને તેના વ્યવસાયને સુવ્યવસ્થિત કરવા માટે કર્મચારીઓની છટણી કરવાનો નિર્ણય લીધો છે. વોલ્ટ ડિઝની તેના ઘણા વિભાગોમાંથી કર્મચારીઓની છટણી કરશે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કંપની ડિઝની એન્ટરટેઈનમેન્ટ, ડિઝની પાર્ક્સ, એક્સપિરિયન્સ અને પ્રોડક્ટ અને કોર્પોરેટ સેક્શનથી લોકો પ્રભાવિત થશે. તે જ સમયે, ઈજીંદ્ર ને પણ કપાતમાં સામેલ કરી શકાય છે. જો કે હજુ સુધી તેને આ યાદીમાં સામેલ કરવામાં આવ્યું નથી. મૂકવાનું શરૂ કર્યું છે. ઘણી કંપનીઓએ કર્મચારીઓના પગારમાં પણ ઘટાડો કર્યો છે. વોલ્ટ ડિઝનીના સીઈઓએ કહ્યું કે કર્મચારીઓના પ્રથમ જૂથને છૂટા જણાવ્યું હતું કે ઉનાળાની શરૂઆત પહેલા પસંદગીનો અંતિમ રાઉન્ડ કરવામાં આવશે. મનોરંજન જૂથે ફેબ્રુઆરીમાં જાહેરાત કરી હતી કે તે ઈ૫.૫ બિલિયનનો ખર્ચ

મનોરંજન ઉદ્યોગમાં ભારે નુકસાન જોવા મળી રહ્યું છે. ઘણી કંપનીઓએ કર્મચારીઓની છટણી શરૂ કરી દીધી છે. આ મીડિયા કંપનીઓને અબજો ડોલરનું નુકસાન થયું છે. આ કારણોસર કંપનીઓએ તેમના ખર્ચમાં કાપ કરવામાં આવે તે પહેલાં તે કર્મચારીઓને જાણ કરવામાં આવશે. પ્રથમ વર્ગીકરણ ૪ દિવસ દરમિયાન થશે. અને બીજી છટણી એપ્રિલમાં થશે. આમાં હજારો કર્મચારીઓને કાઢી મૂકવામાં આવશે. તેમણે તેમના પત્રમાં બચાવવા માટે ૭,૦૦૦ કર્મચારીઓની છટણી કરશે. ત્યારથી, એવી ઘણી ચર્ચાઓ થઈ હતી કે ડિઝની વધુ કર્મચારીઓની છટણી કરી શકે છે. જોકે, હવે સીઈઓના પત્રથી સ્પષ્ટ થઈ ગયું છે કે કંપની ક્યારે અને કેટલી વાર છટણી કરવાની છે. તમને જણાવી દઈએ કે એમેઝોન, મેટા અને માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓએ બીજા રાઉન્ડમાં કર્મચારીઓની છટણી કરી છે. દુનિયાભરમાં વધતા મંદીના ખતરાની વચ્ચે મોટી મોટી કંપનીઓ છટ્ટણી કરી રહી છે. હવે આ સિલસિલો અટકવાના બદલે દિવસે દિવસે વધી રહ્યો છે. આ ક્રમમાં હવે આઈટી સેક્ટરની મોટી જાયન્ટ્સ ટેક કંપની એક્સચેન્ચરે ગુરુવારે પોતાના વર્કફોર્સમાંથી ૧૯,૦૦૦ કર્મચારીઓને ઓછા કરવાનું એલાન કરી દીધું છે. આની સાથે જ કંપનીએ પોતાના પરિણામોમાં વાર્ષિક રેવન્યૂ ગ્રોથ અને પ્રોફિટના અનુમાનોને પણ ઘટાડી દીધા છે.

# રાહુલ સરકારી બંગલો ખાલી કરશે

નવી દિલ્હી, તા.૨૮

કોંગ્રેસના પૂર્ણ સાંસદ રાહુલ ગાંધીએ સંસદમાંથી બહાર નીકળ્યા બાદ બંગલો ખાલી કરવા અંગે નિવેદન આપ્યું છે. રાહુલે લોકસભા સચિવાલયને મોકલેલા પત્રમાં જણાવ્યું હતું કે, લોકસભાના સભ્ય તરીકે છેલ્લા ચાર ટર્મથી અહીં વિતાવેલા સમયની મારી સુખદ યાદો છે, જ્યારે જનતા પ્રત્યેની મારી ફરજ નિભાવી હતી. મારા અધિકારો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના, હું તમને લખી રહ્યો છું, હું આપેલા ઓર્ડરનું પાલન કરીશ.

રાહુલે લોકસભામાંથી ગેરલાયક ઠર્યા બાદ સરકાર દ્વારા ફાળવવામાં આવેલો બંગલો ખાલી કરવો પડશે. હવે લોકસભા હાઉસિંગ કમિટીએ પણ તેમને આ મામલે નોટિસ આપી છે.

